# ઓક્ટોબર-૨૦૨૦ દરમ્યાન થયેલ વિસ્તરણ પ્રવૃતિઓની ઝલક

## વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા ઓક્ટોબર-૨૦૨૦ દરમ્યાન થયેલ પ્રવૃતિઓની ઝલક




ગાંધી જયંતિ નીમીતે મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કાર્યક્રમ





ગાંધી જયંતિ નીમીતે વૃક્ષારોપણ કાર્યક્રમ





ચોરવાડ ગામે સેન્ટર ઓફ કોમ્યુનિકેશન યોજના અંતર્ગત નાળીયેરીના પાકમાં સફેદ માખીના નિયંત્રણ અંગેની ખેડૂત શિબિર





GAAS એવોર્ડ એનાયત કાર્યક્રમમાં યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તથા એવોર્ડ મેળવેલ અધિકારીશ્રીઓ





૩૩મી ZREAC મિટીંગમાં યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તથા દરેક વિભાગીય વડાશ્રીઓ





૧૪મી વિસ્તરણ શિક્ષણ પરિષદની મિટીંગમાં ઉપસ્થિત સમિતિના અધ્યક્ષ માન. કુલપતિશ્રી, ડો. વી.પી. ચોવટીયા તથા સમિતિના સભ્યશ્રીઓ






સરદાર પટેલ જયંતી નિમીતે લોહ પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કાર્યક્રમ



COVID-19 જન અંદોલન કાર્યક્રમ અંતર્ગત વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા શપથ ગ્રહણ કાર્યક્રમ

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ખાપટ (પોરબંદર) દ્વારા ઓક્ટોબર-૨૦૨૦ દરમ્યાન થયેલ પ્રવૃતિઓની ઝલક





પુ. મહાત્મા ગાંધીજીને પુષ્પાંજલિ અર્પણ તેમજ પ્લાન્ટેશન ડ્રાઈવ કાર્યક્રમ





સ્વચ્છતા સપ્તાહની ઉજવણી અંતર્ગત ફીટ ઇન્ડીયા રનતેમજ યોગા સેશન કાર્યક્રમ





COVID-19 જન અંદોલન કાર્યક્રમ અંતર્ગત શપથ ગ્રહણ તેમજ કોરોના નિવારણ અંગે લેકચર



મહિલા કિસાન દિવસની ઉજવણી




CFLD યોજના અંતર્ગત પ્રથમ હરોળના નિદર્શન માટેના ઈનપુટનું વિતરણ







પાલતુ પશુઓનું વ્યવસ્થાપન વિષય પર ઓન કેમ્પસ તાલીમ કાર્યક્રમ


ઓર્ગેનિક ફળ ઉત્પાદન વિષય પર ઓનલાઈન તાલીમ કાર્યક્રમ







વિજીલન્સ જાગૃતિ સપ્તાહ અંતર્ગત કેવીકે ગેટ પર તથા પબ્લિક સ્થળ પર બેનર પ્રદર્શન



નવા કૃષિ અધીનીયમ, ૨૦૨૦ અંગે વેબીનાર

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી દ્વારા ઓક્ટોબર-૨૦૨૦ દરમ્યાન થયેલ પ્રવૃતિઓની ઝલક




NFSM યોજના અંતર્ગત તુવેરના પાકમાં ફિલ્ડ ડે



મગફળીના પાકમાં સર્વેની કામગીરી



મહિલા કિસાન દિવસની ઉજવણી




ચણાની ખેતી પધ્ધતિ અને સંકલિત રોગ - જીવાત નિયંત્રણ વિષય પર ઓન કેમ્પસ તાલીમ કાર્યક્રમ

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જામનગર ઓક્ટોબર-૨૦૨૦ દરમ્યાન થયેલ પ્રવૃતિઓની ઝલક




ગાંધી જયંતિ નીમીતે વૃક્ષારોપણ કાર્યક્રમ



ડાયગ્નોસ્ટિક વિઝિટ







સંશોધન નિયામકશ્રી કચેરીના વૈજ્ઞાનિકશ્રીઓ કે.વી.કે., જામનગરની મુલાકાતે

મહીલા કિસાન દિવસની ઉજવણી




ઓનલાઈન ખેડૂત તાલીમ કાર્યક્રમ








મગફળીનાપાકમાં ફિલ્ડ ડે

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નાના કાંધાસર (સુરેન્દ્રનગર) દ્વારા ઓક્ટોબર-૨૦૨૦ દરમ્યાન થયેલ પ્રવૃતિઓની ઝલક



આદલસર ગામે ઓફ કેમ્પસ તાલીમ કાર્યક્રમ




RAWEPના વિદ્યાર્થીઓની ઓનલાઈન તાલીમ



વિશ્વ ખાધ દિવસની ઉજવણી




કૃષિ મેળો – સુરેન્દ્રનગર





મહિલા કૃષિ દિવસની ઉજવણી




કરમડ ગામના ખેડૂતોનો ઓન કેમ્પસ તાલીમ કાર્યક્રમ




રામદેવગઢ ગામના ખેડૂતોનો ઓન કેમ્પસ તાલીમ કાર્યક્રમ

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, તરઘડીયા (રાજકોટ - I) દ્વારા ઓક્ટોબર-૨૦૨૦ દરમ્યાન થયેલ પ્રવૃતિઓની ઝલક




મહિલા કિશાન દિવસની ઉજવણી




NMOOP યોજના અંતર્ગત મગફળીના પાકમાં ફિલ્ડ –ડે




NICRA યોજના અંતર્ગત કપાસના પાકમાં ફિલ્ડ –ડે



NICRA યોજના અંતર્ગત મગફળીના પાકમાં ફિલ્ડ –ડે

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, પીપળીયા (રાજકોટ - II) દ્વારા ઓક્ટોબર-૨૦૨૦ દરમ્યાન થયેલ પ્રવૃતિઓની ઝલક



પશુઓમાં પશુપોષણની અગત્યતા અગેની તાલીમ



ડાયગ્નોસ્ટિક વિઝિટ (પશુપાલન)



પશુ આરોગ્ય કેમ્પ



ડાયગ્નોસ્ટિક વિઝિટ (પાક સંરક્ષણ)



મહિલા કિશાન દિવસની ઉજવણી



ડાયગ્નોસ્ટિક વિઝિટ (સિતાફળ)



શાકભાજી પાકોમાં સંકલિત જીવત નિયંત્રણ અંગેની તાલીમ



ડાયગ્નોસ્ટિક વિઝિટ (પાક સંરક્ષણ)




ડાયગ્નોસ્ટિક વિઝિટ (પાક સંરક્ષણ)





મગફળીના પાકમાં ક્ષેત્રિય દિવસની ઉજવણી

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ગોર ખીજડીયા (મોરબી) દ્વારા ઓક્ટોબર-૨૦૨૦ દરમ્યાન થયેલ પ્રવૃતિઓની ઝલક




કૃષિ વિધેયક ૨૦૨૦ ઓનલાઇન વ્યાખ્યાન




મહિલા કિસાન દિવસની ઉજવણી ઓનલાઇન વેબીનાર




ખેડુત બીલ ૨૦૨૦ ઓનલાઇન વેબીનાર




ઇન્કમ જનરેટીંગ અંગેની તાલીમ (ઓનલાઇન)



ફિલ્ડ વિઝીટ

## ઓક્ટોબર-૨૦૨૦ દરમ્યાન પ્રકાશિત થયેલ પ્રેસનોટની ઝલક

સૌરાષ્ટ્ર ભૂમિ (જૂનાગઢ આવૃતિ) મંગળવાર તા. ૨૦ ઓક્ટોબર, ૨૦૨૦ સતર્ક રહો સુરક્ષિત

### ચોરવાડમાં નાળિયેરીનાં પાકનાં રક્ષણ માટે માર્ગદર્શન અપાયું



(નિલેશ રાજપરા દ્વારા)
માંગરોળ તા.૨૦

ચોરવાડ મુકામે સાંસદ રાજેશભાઈ ચુડાસમા તેમજ શહેર ભાજપ પ્રમુખ મંથનભાઈ ડાભીના પ્રયાસોથી સરકારના કૃષિ યુનિવર્સીટીનાં બાગાયત વિભાગ દ્વારા નાળિયેરીમાં આવેલ ખાસ તો સફેદ મશીના રોગને નિયંત્રણ માટેની દવાનો છંટકાવ તેમજ નાળિયેરીની માવજત માટેની ખેડૂતોને સમજ આપવામાં આવી હતી. જેમાં બહોળી સંખ્યામાં ખેડૂતો હાજર રહી પ્રશ્નોતરી પણ કરી જેને આધિકારીઓએ ખૂબ સારી રીતે સમજાવી યોજના વિષે પણ વાત કરી હતી. જેમાં રાજેશભાઈનો સરકારી તંત્ર અને આભાર માનવામાં આવ્યો હતો.

### નાળિયેરીના પાકમાં સફેદ માખીનું નિયંત્રણ



જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢના કુલપતિ ડો. વી. પી. ચોવટિયાની પ્રેરણા અનર ડો. એચ.એમ.ગાજીપરાના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી. જૂનાગઢ અને નાયબ બાગાયત નિયામક જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે "નાળિયેરી માં સફેદ માખી નું નિયંત્રણ" અંગે તા: ૧૯-૧૦-૨૦૨૦ ના રોજ ચોરવાડ તા. માળિયા હાટીના ગામે ખેડૂત શિબિર યોજાઈ ગઈ. જેમાં ૮૫ ખેડૂતભાઈઓ હાજર રહેલા. આ પ્રસંગે કૃષિ વૈજ્ઞાનિકો બાગાયતશાખાના વડા ડો. ડી. કે. વરુ, એ જણાવ્યું કે પદ્ધતિ સર અને ભલામણ મુજબ જો નાળિયેરીની ખેતી કરવામાં આવે તો સારુ ઉત્પાદન મેળવી શકાય. તદ ઉપરાંત વિસ્તાર મુજબ નાળિયેરીની જાત પસંદ કરવી જોઈએ. ખાસ કરીને બહારથી વેચાવા આવતા રોપા ક્યારેય લેવા નહિ. જે ભરોસા પાત્ર નર્સરી અથવા શકય બને તો કૃષિ યુનિવર્સિટીમાંથી જાતો પસંદ કરવી. આ પ્રસંગે કીટકશાખાના વડા ડો.એમ.એફ. આચાર્ય એ સફેદ માખીના નિયંત્રણ માટે.

એન્કારસીયા હેટીયરસીસ નામની પરજીવી જીવાત તથા કાળા તથા લાલ પરભક્ષી દાળિયા કિટક દ્વારા રૂગોસ સ્પાયરેલિંગ વાઈટ ફ્લાય (સફેદ માખી) નું વ્યવસ્થાપન સારી રીતે થય શકે છે. જૈવિક જંતુનાશક દવાઓ જેવી કે બ્યુવેરીયા બાસીયાના ૮૦ગ્રામ અથવા નીમ ઓઈલ ૭૦ મીલી પ્રતિ પંપમાં ભેળવી છંટકાવ કરવો અથવા નાની અવસ્થાના ઝાડમાં એસીટામાપ્રીડ ૨૦ એસપી ૫ થી ૬ ગ્રામ અથવા બાયફેનથ્રીન ૧૦ ઈસી ૭.૫ મીલી અથવા ડાયફેન્થીયુરોન ૫૦ ડબ્લ્યુપી ૧૫ ગ્રામ અથવા સ્પાયરોમેસીફેન ૨૨.૯ એસસી ૧૫ થી ૨૦ મીલી અથવા પાયરીપ્રોક્ષીફેન + બાયફેનથ્રીન (૨૦%) ૧૨ થી ૧૫ મીલી પ્રતિ પંપ કોઈ પણ એક રસાયણિક દવા ભેળવી સમગ્ર ઝાડ આવરી લેવાય તે રીતે છંટકાવ કરવો. ક્વીનાલફોસ ૧.૫% ભૂકીરૂપ દવા ઝાડની આસપાસ જમીન પર છંટકાવ કરવો. એઝાડીરેક્ટીન ૨.૫ ટકા ૧૫ મી.લી. અથવા મોનોક્રોટોફોસ ૩૬ એસએલ ૧૦ મીલી અથવા કાર્બોસલ્ફાન ૨૫ ઈસી ૧૫ મીલી દવા અને તેટલા જ જથ્થામાં પાણી લઈ પ્લાસ્ટિકની કોથળીમા નાખી મૂળ દ્વારા માવજત આપવી. ઉપદ્રવિત કાળા પાન ઉપર સ્ટારનો છટકાવ કરવાથી પોપડી સાથે નીચે આવશે.

આ પ્રસંગે આત્મા ડાયરેક્ટર એમ. એમ. કાસુન્દ્રા, નાયબ બાગાયત નિયામક એચ.સી. ઉદસડીયા, જે.ડી. ગોંડલીયા, વી.કે.પરમાર, હાર્દિક લાખાણી, પૂર્વ ધારા સભ્ય માધાબાપા, ડો.પી.જે. ગોહિલ તેમજ ડો.જી.આર. ગોહિલે ખેડૂત લક્ષી વિસ્તરણ પ્રવૃત્તિઓ અંગે માહિતગાર કરેલ.

દિવ્ય ભાસ્કર સુરેન્દ્રનગર 05-10-2020

### કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા 'સ્વચ્છતા હી સેવા' દિવસની ઉજવણી કરાઇ



સુરેન્દ્રનગર ભાસ્કર | સુરેન્દ્રનરગ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા બે ઓક્ટોબરના રોજ સ્વચ્છતા હી સેવા દિવસનું આયોજન કર્યુ હતુ. આ પ્રસંગે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર નાનાકાંધાસરના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા એમ.એફ. ભોરણીયા, વૈજ્ઞાનિક ડો.બી.સી.બોચલ્યા, ડી.એ.પટેલ, ડો.આર.પી.કાલમાએ એ ઉપસ્થિત ભાઈઓ બહેનોને સ્વચ્છતાનું જીવનમાં મહત્વ અને કચરાના ઉપયોગથી દેશી ખાતર બનાવવા સહિતની માહિતી આપવામાં આવી હતી.

દિવ્ય ભાસ્કર સુરેન્દ્રનગર 09-10-2020

### કૃષિ વિજ્ઞાન કેન્દ્ર નાના કાંધાસરમાં કૃષિ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની તાલીમ યોજાઇ



ચોટીલા ભાસ્કર | ચોટીલા કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં નાના કાંધાસર દ્વારા રાવે પ્રોગ્રામ અંતર્ગત કૃષિયુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન અને ઓફલાઈન તાલીમનું આયોજન કરાયુ હતુ.જેમાં વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા એમ.એફ.ભોરણીયાએ વિદ્યાર્થીઓને પ્રાસંગીક ઉદબોધન સાથે કેવીકે વિષયક માહિતી આપી હતી. વૈજ્ઞાનિક ડો.બી.સી.બોચલ્યા, ડી.એ.પટેલ, ડો.આર.પી.કાલમાએ વિસ્તરણ, બાગાયત, પશુપાલનની માહિતી આપી હતી. આ તાલીમમાં નવસારી કૃષિ યુનિવર્સિટી, કૃષિ વિદ્યાલય મોટા ભંડારીયા, જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના 115 વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.

દિવ્ય ભાસ્કર સુરેન્દ્રનગર 20-10-2020

### નાના કાંધાસર કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં વિશ્વ ખાદ્ય દિવસની ઉજવણી કરાઇ



સુરેન્દ્રનરગ ભાસ્કર | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર નાના કાંધાસર ખાતે વિશ્વ ખાદ્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વરિષ્ઠ વિજ્ઞાનિક અને વડા એમ.એફ. ભોરણીયાએ ખેડૂતોને આવકાર્યા અને પ્રાસંગીક ઉદબોધન આપ્યુ હતુ. જ્યારે વૈજ્ઞાનિક ડો.આર.પી.કાલમા, ડી.એ.પટેલે ખેડૂતોને ખાદ્ય સુરક્ષા, સ્વચ્છતા તથા ખોરાકનો બગાડ ઓછો થાય તે વિષયક માહિતી આપી હતી. ત્યારબાદ કોવિડ-19 અંગે સાવચેતીના પગલા લેવા પ્રતિજ્ઞા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર સ્ટાફ તથા ઉપસ્થિત ખેડૂતોએ લીધી હતી.

દિવ્ય ભાસ્કર સુરેન્દ્રનગર 29-10-2020

### કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં NFSM સ્કીમ હેઠળ માહિતી અપાઈ



સુરેન્દ્રનગર ભાસ્કર | સુરેન્દ્રનગર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા એન.એફ.એસ.એમ સ્કીમ હેઠળ કેન્દ્રીય તાલીમનું આયોજન કરાયુ હતુ. જેમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર નાનાકાંધાસરના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા એમ.એફ.ભોરણીયાએ ખેડૂતોને ચણા અને ઘઉંના પાક સંરક્ષણની માહિતી આપી હતી. જ્યારે વૈજ્ઞાનિક ડો.બી.સી.બોચલ્યા, ડી.એ.પટેલે, ડો.આર.પી.કાલમાએ ચણા અને ઘઉંના પાકની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતી અને ખેડૂત બીલ અંગે માહિતી આપી હતી.

MorbiNews.in

## મોરબી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા કૃષિ વિધેયક ૨૦૨૦ પર વેબીનાર યોજાયો

By Admin — On Oct 26, 2020

17 | 0

Share

ભારત સરકારનાં કૃષિ વિધેયક ૨૦૨૦ પર મોરબી જીલ્લાનાં ખેડુતોને વેબીનાર તથા લાઇવ ફેસબુક પર ડી. એ. સરડવા, સીનીયર સાયન્ટીસ્ટ અને હેડ દ્વારા આ વિષયને અનુરૂપ માહિતી આપેલ તથા ડો. હેમાંગીબેન ડી. મહેતા વૈજ્ઞાનિકે ખેડુતોને કૃષિ બીલથી થતા ફાયદા વિષે તથા કોન્ટ્રાક્ટ ફાર્મિંગ વિષે ખેડુતોને સમજુતી આપી હતી તથા ગમનસિંહ ઝાલાએ બધાનો આભાર માન્યો અને ડી. એ. સરડવા અને ડો. એ. એચ. સિપાઇએ ખેડુતોનાં પ્રશ્નોનું નિરાકરણ કરેલ.



## સંવેદનશીલ રાજ્ય સરકારની પ્રજાકલ્યાણ યોજનાઓને સંવેદનાસભર પ્રતિસાદ આપતા કર્મયોગી આરોગ્ય કર્મીઓ

### એમ્બ્યુલન્સ વાનમાં આવેલા ૫૫ વર્ષીય પથારીવશ દર્દી ધારાબેન પંડ્યાને ત્વરીત મા અમૃતમ કાર્ડ કાઢી આપી ચિંતામુકત કરાયા



રાજકોટ : 'સર્વે ભવન્તુ સુખીનઃ સર્વે સન્તુ નિરામયા' આપણા શાસ્ત્રોમાં લખાયેલી આ પંક્તિ લોકજીવનમાં પ્રચલિત છે. જો સમાજના નાગરિકો સ્વસ્થ હશે તો રાષ્ટ્રનો પાયો પણ મજબૂત બનશે. ગુજરાતની સંવેદનશીલ સરકારે સતત નાગરિકોના તંદુરસ્ત સ્વાસ્થ્ય અને સુપોષણને પોતાનો નૈતિક ધર્મ સમજીને બહુઆયામી આયોજન કર્યું છે. શ્રમ કરીને રોજીંદુ ગુજરાન ચલાવતો ગરીબ વર્ગ હર હંમેશ સંભવિત બીમારીથી ચિંતા ગ્રસ્ત હોય છે, તો મધ્યમવર્ગીય પરિવાર માટે પણ બીમારીનો આકસ્મિક ખર્ચ ચૂકવવો મુશ્કેલ પડે છે, ત્યારે ગુજરાતની જરૂરિયાતમંદ પ્રજાની આ સમસ્યાના નિવારણ અર્થે રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રી માં અમૃતમ યોજના અમલી છે.

જ્યાં માં અમૃતમ કાર્ડ ધરાવતા લાભાર્થી પરીવારને વાર્ષિક રૂા. ૫ લાખ સુધીની સારવારનો તમામ ખર્ચ રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવે છે. પણ જો નાગરિક આ કાર્ડ મેળવવા માટે કચેરી સુધી આવવા માટે સક્ષમ ન હોય તો ? તો તે નાગરિક આ યોજનાથી વંચિત ન રહે તે માટે ગુજરાતની સંવેદનશીલ સરકાર કટીબદ્ધ છે.

આવો જ એક કિસ્સો રાજકોટના જંકશન પ્લોટ ખાતે આવેલી આયુષ્યમાન ભારતની કચેરીએ બન્યો. જ્યાં ૫૫ વર્ષીય ધારાબેન પંડ્યાને અચાનક હાથ અને પગમાં દુખાવો થતા શારીરિક અશક્તિ થવા માંડી, થોડી વારમાં દુઃખાવો એટલો વધ્યો કે તે પથારીવશ થઈ ગયા, મધ્યમવર્ગીય પંડ્યા પરિવાર માથે જાણે વિપત્તિ આવી પડી. સારવારનો ખર્ચ કાઢવો પરિવાર માટે મુશ્કેલ હતો. અને તેમની પાસે માં અમૃતમ કાર્ડ પણ ન હતું, કાર્ડના અભાવે મધ્યમવર્ગીય પરિવારને મુશ્કેલી ન વેઠવી પડે તે માટે આયુષ્યમાન ભારતની કચેરીના કર્મચારીઓ પંડ્યા પરિવારની મદદે આવ્યા, એ વખતે એમ્બ્યુલન્સમાં ધારાબેન સહ પરિવાર સાથે આયુષ્માન ભારતની કચેરીએ આવ્યા અને કચેરીના કર્મનિષ્ઠ કર્મચારી વિશાલભાઈ પરમાર પળવારનો પણ વિલંબ કર્યા વગર પોતાની ટિમ સાથે આવશ્યક સાધનો લઈને એમ્બ્યુલન્સમાં બેસી ગયા અને ધારાબેનના બધા આધારભૂત પુરાવા ચકાસી, આવશ્યક પ્રક્રિયા કરી તુરંત ત્યાં ને ત્યાં જ ધારાબેનને માં અમૃતમ કાર્ડ કાઢી આપ્યું. હાલ ધારાબેન સારવાર હેઠળ છે. આમ સંવેદનશીલ સરકારના સંવેદનાને અગ્રેસર કરી કર્મયોગી એવા આયુષ્યમાન ભારતની કચેરીના કર્તવ્ય નિષ્ઠ કર્મચારીઓની સમય સુચકતાના કારણે ધારાબેનનો પરિવાર હવે નાણાંના અભાવે સારવારથી વંચિત નહીં રહે.

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર મોરબી દ્વારા મહિલા કિસાન દિવસ ઉજવાયો

રાજકોટ : કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મોરબી દ્વારા ઓનલાઈન વેબીનારના માધ્યમથી મહિલા કિસાન દિવસની ઉજવણી કરવામાં આવી. આમાં મોરબી જીલ્લાના ભાઈઓ બહેનોએ બહોળી સંખ્યામાં ભાગ લીધેલ તેમાં વૈજ્ઞાનિક ડૉ. હેમાંગીબેન ડી. મહેતાએ પોષકતત્વયુક્ત આહાર લેવાથી રોગપ્રતિકારક શક્તિ વધે તેવી માહિતી આપી તથા ડી.એ. સરડવા, સીનિયર સાયન્ટીસ્ટ અને હેડ.કે.વિ.કે.એ બધાને પ્રાસંગિક ઉદબોધન આપ્યું તથા ગમનસિંહ ઝાલા, એગ્રીકલ્ચર ઓફીસરે આભારવિધિ કરી હતી અને કાર્યક્રમના અંતે પ્રશ્નોના જવાબ પણ આપવામાં આવ્યા હતા.

